## ક્રાન્તિના હિંસક પ્રત્યાઘાતો !

હરેશ ધોળકિયા

અત્યારે ભારતમાં કઈ વિશિષ્ટ ક્રાન્તિ ચાલી રહી છે ? આર્થિક ? રાજકીય ? ઔદ્યોગિક ?

આ બધી તો અલબત ચાલી રહી છે, પણ તેના કરતાં વધારે પ્રભાવક ક્રાન્તિ તો બીજી ચાલી રહી છે.

આ ક્રાન્તિ છે " મહિલાઓની પ્રગતિ તરફની ઝડપી ગતિ." આમ તો આ ક્રાન્તિ રાજા રામમોહનરાયથી શરુ થઈ હતી. પછી મહાત્મા ફુલેએ તેને આગળ વધારી. ગાંધીજીએ તેની ગતિ તીવ્ર કરી. એક ઝાટકે મહિલાઓને જાહેરમાં તે લઈ આવ્યા અને મુકિત તરફ આગળ વધારી. પછી તે ચાલુ રહી છે અને આજે પણ ચાલુ છે. આજે તેની વિશિષ્ટતા એ છે કે હવે મહિલાઓ બધાં જ ક્ષેત્રોમાં  પ્રસરી ગઈ છે. દરેક ક્ષેત્રમાં તે અગ્રણી બની ગઈ છે. ઘરથી રાષ્ટ્રીયથી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે તેમનો પ્રભાવ વધતો જાય છે. વડા પ્રધાન અને પ્રમુખ બનવાથી લઈ અનેક વિરાટ કંપનીઓની સી.ઈ.ઓ. બને છે. સરકારી અધિકારીઓ બને છે. ફિલ્મ, રમતગમત, ફેશન, ટી.વી.......એવું એક ક્ષેત્ર બાકી નથી રહ્યું જયાં કોઈ મહિલાની હાક વાગતી ન હોય. તેમાં પણ એ તો ખાસ જોવા મળે છે કે અત્યારે શિક્ષણ લેનારાઓમાં છોકરીઓની સંખ્યા વધતી જાય છે અને ઉતિર્ણ થનારામાં પણ છોકરીઓ જ છોકરાઓને પાછળ રાખે છે અને બધો  યશ લઈ જાય છે. હવે એક ક્ષેત્ર નથી રહ્યું જયાં મહિલાઓ પુરુષો સાથે હરિફાઈ ન કરતી હોય. લગભગ હજારથી દોઢ હજાર વર્ષ પછી આવી અદભુત ઘટના બની રહી છે. આ બધા સમય દરમ્યાન મહિલાને ઘરમાં ગોંધી રાખવામાં આવી હતી અને એક પણ ક્ષેત્રમાં તે આવે નહીં તેવો સમાજે– પુરુષ સમાજે– પાકો ખ્યાલ રાખ્યો હતો. મીરાં કે અહલ્યાબાઈ કે ચાંદબીબી જેવી કોઈ રડીખડી મહિલાઓ આગળ આવતી હતી. પણ તેમને સમાજ ખૂબ જ ત્રાસ આપતો હતો. ત્રાસવાદ મહિલાઓ માટે વર્તમાન ઘટના નથી. તેમને તો પુરુષ સમાજે, પરંપરાએ,  હજારો વર્ષોથી ત્રાસ આપ્યે જ રાખ્યો છે– આજ સુધી. પણ હવે ધીમે ધીમે પણ મકકમતાથી મહિલાઓ પુરુષોના કિલ્લાના કાંગરાને ખેરવી રહી છે અને તેમની અત્યાર સુધી છૂપી રહેલ મર્યાદાઓને ખુલ્લી કરી રહી છે. બહુ અદભુત દશ્યો જોવા મળે છે અત્યારે.

આ જે મહિલા ક્રાન્તિ થઈ રહી છે તે એક શાંત ક્રાન્તિ છે. તેનો પ્રચાર નથી થતો. મહિલાઓ ચૂપચાપ એક પછી એક શિખરો સર કરી રહી છે અને પુરુષોને મહાત કરી રહી છે. અલબત, તેમનો ઈરાદો કંઈ પુરુષોને મહાત કરવાનો નથી. તેઓ તો પોતાનો હક મેળવી રહી છે, પણ પુરુષોને એમ લાગે છે કે તેમનો ગરાસ લૂટાઈ રહ્યો છે.

અને એટલે જ આ ક્રાન્તિનાં બહુ પ્રત્યાઘાતી પરિણામો જોવા મળે છે. મહિલાઓ સામે બહુ જ હિંસક રીતે વર્તન થઈ રહ્યું છે, આમ તો સમગ્ર દુનિયામાં, પણ ભારતમાં તો ખાસ !

શું જોવા મળે છે આપણા દેશમાં ?

આજે છાપાં વાંચીએ તો ચારે બાજુ બળાત્કારની ઘટનાઓ વધી રહી છે. સામાન્ય ઘરેલુ સ્ત્રીથી માંડીને  મોટા પદ સુધી પહોંચેલી મહિલા પર બળાત્કાર થતા જોવા મળે છે. ઘરોમાં– શાળા–કોલેજોમાં–સમાજમાં–ઓફિસોમાં સર્વત્ર બળાત્કારો વધી રહ્યા છે. અરે, મહિલા માટેનાં જે આશ્રયસ્થાનો છે તેનો પણ પુષ્કળ દુરુપયોગ થઈ રહ્યો છે. કરુણતા તો એ જોવા મળે છે કે માત્ર પુખ્ત સ્ત્રીઓ પર જ નહીં, નાની બાળકીઓ પર પણ બળાત્કાર થઈ રહ્યા છે. આપણે છાપામાં વાંચીએ છીએ કે છ માસની બાળકી પર બળાત્કાર ! માની ન શકાય એ હદે આ ઘટનાઓ વિકૃત રીતે પ્રકાશિત થઈ રહી છે.

તે જ રીતે મોટાં સ્થાનો પર જે મહિલાઓ છે તેમને પણ ઉતારી પાડવાના પ્રયાસો થઈ રહ્યા છે.  જરાક કશુંક પણ કોઈ અધિકારી મહિલા અગત્યનું કામ કરે કે તરત કહેવાતા સોશિયલ મીડિયામાં હજારો લોકો – મોટા ભાગે પુરુષો જ–" ટ્રોલીંગ" કરવાનું શરુ કરી દે છે. કોઈ યુવતી થોડી પણ આ સોશિયલ મડિયામાં પ્રવેશ કરી પોતાની ઓળખ ઊભી કરવાનો પ્રયાસ કરે છે કે વરુ જેવા લોકો તેના પર પ્રેમના નામે તૂટી પડે છે અને તેને ખલાસ કરીને જ જંપે છે. કયારેક તો આ ત્રાસ યુવતીને આત્મહત્યા સુધી ખેંચી જાય છે.

તેનો સૌથી વધારે નકારાત્મક પ્રભાવ ટેલિવીઝન પર જોવા મળે છે. ટી.વી.ની બધી જ સીરિયલો તપાસવા જેવી છે. મોટા ભાગની સીરિયલોનાં મુખ્ય પાત્રો મહિલાઓ છે. પણ તેમનાં ચરિત્રો તપાસો ! અત્યારે સૌથી લોકપ્રિય સીરિયલ " તારક મહેતા કા ઉલટાં ચશ્મા" છે. તેનું અગત્યનું પાત્ર છે " દયા."  ( ભલે હમણાં ગરહાજર છે.) આ દયાને એવી ચિતરવામાં આવે છે કે તે પતિ પરાયણ છે. ઘરમાં બધાની સેવા કરે છે. દયાળુ છે, વગેરે. પણ જો તેના પાત્રને ઝીણવટથી જોવામાં આવશે તો તેને સતત મૂર્ખ દેખાડવામાં આવે છે. તેના સંવાદોને સાંભળવામાં આવે તો તે જાણે સતત મૂર્ખ વિધાનો જ કરે છે.  તેના ભાઈ સુંદર બાબતે તેને " એડિકટ"–વળગણની હદે પ્રેમાળ બતાવવામાં આવે છે. સુંદર પતિને હેરાન કરે છે છતાં તેનું જ ઉપર કરે છે અને જેઠાલાલને નુકશાન જ કરે છે. સ્વસ્થ  મહિલા–વ્યકિત–આવું કયારે ન કરે. અને દયા તો પાછી પતિ પરાયણ બતાવાય છે. છતા ભાઈ આવે કે  પળમાં મૂર્ખ ! જયારે પણ તે આવે છે ત્યારે ચોકકસ હાસ્ય જન્માવે છે, પણ આ હાસ્ય મૂર્ખતામાંથી જન્મ્યું હોય છે.

તો બીજી એક સીરિયલ આવે છે–"તેનાલીરામ." તેમાં મુખ્ય છ સ્ત્રી પાત્રો છે : તેનાલીરામની માતા અને પત્ની શારદા, રાજાની બે પત્નીઓ અને આચાર્ય તથાચાર્યની પત્ની. કયારેક કોટવાળની પત્ની આવે છે.  તપાસો આ બધીને. કેવી બતાવે છે

તેમને ? રાજાની બન્ને પત્ની છીછરી બતાવે છે. નાની રાણીને રસોઈનું વળગણ છે. ગમે તેવાં બેસ્વાદ વ્યંજનો બનાવી રાજાને સતત હેરાન કરે છે. મોટી પત્નીનો નાનો ભાઈ રાજાને તકલીફો આપ્યા કરે છે. રાજા બન્નેને પ્રેમ કરે છે, પણ હેરાન બન્નેથી છે. તો તથાચાર્યની પત્ની ? પતિની આંધળી ભકત બતાવી મૂર્ખ ઠેરવે છે. લાગે એમ કે પતિ ભકત છે, પણ આ ભકિત મૂર્ખતાની હદે છે. તે જે હાસ્ય જન્માવે છે તે પણ તેના પ્રત્યે દયા જન્માવે છે. અને તેનાલીરામની માતા ? વ્યર્થ મૂક રહે છે. આવડા બુધ્ધિશાળી પુત્રને વારંવાર દંડો માર્યા કરે છે અને હેરાન કરે છે. અને પત્ની શારદા તો સાક્ષાત મૂર્ખાવતાર બતાવી છે. એક પળ પણ બુધ્ધિશાળી પતિને સમજી શકતી નથી અને સતત તેને હેરાન કર્યા કરે છે. બાળકને જન્મ આપે છે, પણ આદર્શ માતા તરીકે એક પળ પણ નથી દેખાડવામાં નથી આવતી. ખુદ જન્મેલ પુત્ર ( પુરુષ ! )પણ તેની મશ્કરી કરે છે. રાજાના દરબારમાં જ નહીં, પણ સમગ્ર દેશમાં પ્રસિધ્ધ તેનાલીરામ ઘરમાં તેની મા અને પત્નીના કારણે સતત દુઃખી દેખાડાય છે.

શું એક સીરિયલની બધી જ સ્ત્રીઓ મૂર્ખ હોઈ શકે ? કયારે ડહાપણ ન બતાવી શકે ? એવું બને ? શું હાસ્ય જન્માવવા માટે આ રીતે મહિલાઓનાં ગૌરવનું સતત હનન કરવાનું ? આ સીરિયલ તો પૂર્ણ રીતે મહિલા વિરોધી છે. સળી પડે અને મહિલાઓના હક માટે લડવા જતી મહિલા સસ્થાઓ આવી મૂર્ખ સીરિયલોને કેમ નથી વખોડતી ? એમ કહી ન છટકી શકાય કે આ તો મનોરંજન છે ! મનોરંજન પણ પ્રભાવક હોય છે. જે નવી પેઢી જુએ છે તે તો આવું વારંવાર જોયા પછી એમ જ માનવાની કે સ્ત્રીઓ તો મૂર્ખ જ હોય છે.

અને આવું લગભગ બધી જ સીરિયલોમાં જોવા મળે છે. કયાંક એક બોકસર છોકરીને એક છોકરો થોડી વાર હેરાન કરે તો હેરાન થાય. પછી પ્રેમ કરે તો બધું ભૂલી પ્રેમ કરવા મંડી જાય. ફરી હેરાન કરે તો ફરી હેરાન થાય. આ મૂર્ખતા અનંત ચાલે. અનેક સીરિયલોમાં પુરુષો સ્ત્રીને વેરનું માધ્યમ બનાવી ખલાસ કરવા પ્રયાસ કરે. પાછી તેમને બીજી સ્ત્રીઓ મદદ કરે. એ એમ બતાવે કે સ્ત્રીઓ જ સ્ત્રીઓની દુશ્મન છે અને પુરુષોનું રમકડું બનવા તૈયાર હોય છે. આ સીરિયલોમાં સ્ત્રીઓ ભૂલો જ કર્યા કરે અને પુરુષો તેનો લાભ જ લીધા કરે. અને આ સીરિયલો લંબાયા જ કરે. સ્વસ્થ વ્યકિત આ જોઈ ત્રાસી જાય !

આવું જ ફિલ્મોમાં જોવા મળે. તેમાં સ્ત્રી, બસ, પુરુષ આસપાસ ફર્યા કરે અને તેનાં ' પરાક્રમો' લાચારીથી જોયા કરે. ( જો કે હવે તેમાં થોડી પરિસ્થિતિ સુધરે છે– ' કવીન' કે ' મેરીકોમ' જેવી ફિલ્મોથી.) તો નેટ કે છાપાં કે મેગેઝીનો પણ સ્ત્રીને સતત એક "વસ્તુ" તરીકે બતાવ્યા કરે છે જે પણ બળાત્કારોની ઘટનાને ઉતેજે છે. ચારે બાજુ મહિલાને એક યા બીજી રીતે ઉતારી પાડવાના સૂક્ષ્મ પણ સભાન પ્રયત્નો થઈ રહ્યા છે.

આમ કેમ બને છે ?

સાદું કારણ છે. હજારો વર્ષો પછી પુરુષોની સતા કહો કે પકડ તૂટી રહી છે. પરિણામે તેનો અહંકાર ઘવાઈ રહ્યો છે. અત્યાર સુધી સ્ત્રીને દબાવી રાખેલ હતી તેથી તેની બધી નબળાઈઓ દબાઈ રહી હતી, પણ હવે હરિફાઈના સમયમાં પુરુષોની આ નબળાઈઓ બહાર આવી રહી છે અને સ્ત્રીઓ જ તેને પડકારી રહી છે. પુરુષો ધૂંધવાઈ રહ્યા છે. આવડતમાં તો તેની હરિફાઈ કરી શકે તેમ નથી, એટલે આ બળાત્કાર, ગૌરવ હનન વગેરે જેવાં પગલા લઈ પોતાની નબળાઈને સબળાઈ તરીકે સિધ્ધ કરી રહ્યા છે. પણ, તેમના કમનસીબે, મહિલાઓ વધારેને વધારે જાગૃત થઈ રહી છે. તેથી કટ્ટર હરિફાઈ કરે છે અને તેમને પાછળ રાખે છે. એટલે ભવિષ્યમાં પણ આવા બનાવો વધવાના છે. સ્ત્રી પર ત્રાસ વધવાના છે. પુરુષો નહીં સુધરે, સ્ત્રીઓએ જ પોતાને સજજ કરવાની છે. બૌધ્ધિક રીતે કે પછી કરાટે શીખીને ! જબરો સંઘર્ષ થવાનો છે. પુરુષો હારવાના જ છે, પણ તેઓ બરાબર વેર લેશે. તેઓ બળાત્કાર વિરુધ્ધ કડક સજા જેવા કાયદા કરશે, પણ અમલમાં ઢીલાશ કરશે– પુરુષો હોવાથી. તેનો ઉપાય પણ સ્ત્રીઓએ જ કરવો પડશે.

ક્રાન્તિ અને પ્રતિક્રાન્તિ જબરદસ્ત રીતે ચાલી રહી છે. જોઈએ, શું થાય છે.

❑❑❑